## 1. સામાજિક વ્યવસ્થાનો અર્થ સમજાવો.

- સામાજિક સ્થાન કે સામાજિક દરજ્જામાં રહીને ભૂમિકા ભજવતી વ્યક્તિઓની અતિરક્રિયાની વ્યવસ્થાને સામાજિક વ્યવસ્થા કહે છે. સામાજિક વ્યવસ્થા કાયત્મિક સંબંધોથી જોડાયેલા બે કે તેથી ને વધુ એકમોની બનેલી વ્યવસ્થા છે.

## 2. સામાજિક વ્યવસ્થાની વ્યાખ્યા આપો.

- સમાજશાસ્ત્રી ટાકોટ પાર્સન્સે સામાજિક વ્યવસ્થાની આ વ્યાખ્યા આપી છે : ''સામાજિક વ્યવસ્થા એટલે એકબીજા સાથે કાર્યાત્મક સંબંધોમાં રહેલા ભાગો દ્વારા બનેલું એક જટિલ સંકુલ.''

## 3. સામાજિક રચનાતંત્રની વ્યાખ્યા આપો.

- સમાજશાસ્ત્રી રૉબર્ટ મર્ટને સામાજિક રચનાતંત્રની આ વ્યાખ્યા આપી છે :''સામાજિક રચનાતંત્ર એટલે દરજ્જાની, ભૂમિકા અને ધોરણોનો સંકુલ.''

## 5. 'દરજ્જા સમૂહ' એટલે શું?

- સામાજિક દરજ્જા સમૂહ એ સામાજિક રચનાતન આવશ્યક લક્ષણ છે. કોઈ પણ રચનાતંત્ર વિવિધ દરજ્જાઓથી અસ્તિત્વમાં આવે છે. સમૂહ કે સંસ્થાની જરૂરિયાતો પૂર્ણ કરવા વિવિધ દરજ્જાઓ ના જરૂરી છે. દુધ દુધ દરજ્જાઓના શ્રમવિભાજન દ્વારા ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે.

## 6. 'ભૂમિકા સમૂહ' એટલે શું?

- સામાજિક ભૂમિકા એ સામાજિક દરજ્જાનું વર્તનલક્ષી પાનું છે, દરજ્જો અને ભૂમિકા એક સિક્કાની બે બાજુઓ છે. કોઈ પણ તંત્રપ્રથાની જરૂરિયાતો પૂર્ણ કરવા અથવા ધ્યેયપ્રાપ્તિ માટે દરજ્જા મુજબ ભૂમિકા ભજવવી પડે છે.

## 7. માનવીની મૂળભૂત જરૂરિયાતો સંતોષવા કયાં રચનાતંત્રો અસ્તિત્વમાં આવ્યાં છે?

- છહજીિખોરાક, રહેઠાણ, પ્રજોત્પત્તિ અને સંરક્ષણ એ માનવીની મૂળભૂત જરૂરિયાતો છે. માનવીની મૂળભૂત જરૂરિયાતો સંતોષવા કુટુંબવ્યવસ્થા, લગ્નવ્યવસ્થા, આર્થિક વ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા, શિક્ષણવ્યવસ્થા, ધાર્મિક વ્યવસ્થા વગેરે જેવાં વિવિધ રચનાતંત્રો અસ્તિત્વમાં આવ્યાં છે.

## 8. સમાજશાસ્ત્રી સોરોકિન સામાજિક વ્યવસ્થાની કઈ વ્યાખ્યા આપે છે ?

- સમાજશાસ્ત્રી સોરોકિન સામાજિક વ્યવસ્થાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, 'સામાજિક વ્યવસ્થા એક સંગઠિત જૂથ છે કે, જે તેના સભ્યોના હકો, ફરજો, સામાજિક સ્થાનો, કાર્યો, ભૂમિકાઓ તેમજ પરસ્પરનાં વર્તન તથા જૂથ બહારના વિશાળ સમાજના સભ્યો સાથેનાં વતન સ્થાપિત કરતાં સામાજિક ધોરણોનું સંકુલ ધરાવે છે."

## 9. વિદ્યુત જોષીએ સામાજિક રચનાની કઈ વ્યાખ્યા આપી છે?

- વિદ્યુત જોષીએ સામાજિક રચનાની આ વ્યાખ્યા આપી છે : "સમાજમાં વ્યક્તિઓ દરજ્જા ધરાવે છે. આ દરજ્જા પરથી ભૂમિકા ભજવાય છે. આ ભૂમિકા અમુક ચોક્કસ સંબંધમાં અને અમુક પરિસ્થિતિમાં ભજવાય છે. આ રીતે ભૂમિકાઓ વ્યવસ્થિત સામાજિક સંબંધોની ગૂંથણી તૈયાર કરે છે, જેને સામાજિક રચના કહેવાય."

## 10. સમાજી કરણ કઈ રીતે સામાજિક સંતુલન સાધે છે?

- સામાજિક સંતુલન સાધવામાં સમાજી કરેણ મહત્ત્વનું ક્રિયાતંત્ર છે.સમાજીકરણ દ્વારા સામાજિક મૂલ્યોનું આત્મસાતીકરણ થાય છે અને સામાજિક નિયંત્રણની પ્રક્રિયાઓ સમાજને સંતુલિત રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.